# ધોરણ ૮ના વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનનો અભ્યાસ

મેઘા એચ. પટેલ
પીએચ.ડી, સ્કોલર
એચ.એન.જી.યુ.યુનિ.પાટણ

## ૧. પ્રારંભ

બોલતા-ચાલતા અભિવ્યકિત થાય છે. તેના દ્વારા વ્યકિતનું વ્યકિતત્વ પ્રગટ થાય છે. આજે દરેક ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાય છે. આવી પરીક્ષાઓ માટે સામન્ય જ્ઞાન જેને આપણે અંગ્રેજીમાં (જનરલ નોલેજ) કહીએ છીએ તે હોવું જરૂરી થઇ ગયું છે. જો પ્રાથમિક શિક્ષણથી જ સામાન્ય જ્ઞાનના બીજ રોપવામાં આવે તો તે સમય જતાં વટવૃક્ષ બનીને વ્યકિતને સફળતાના શીખરો સર કરવામાં મદદરૂપ થાય છે. આજે બાળક સિનેમાંના હીરો-હિરોઇન વિશે જાણે છે પણ આપણો ભવ્ય ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન એને નથી.

## ૨. અભ્યાસનો હેતુ

ધોરણ ૮ના વિદ્યાર્થીઓના સામન્ય જ્ઞાનનો અભ્યાસ કરવો એ પ્રસ્તુત સંશોધનનો હેતુ છે.

## ૩. નમૂનો

વ્યાપવિશ્વમાંથી યાદચ્છિક રીતે ૧૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા શહેરના ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૪. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા તજજ્ઞોના અભિપ્રાય દ્વારા પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવેલ, જેમાં ૧૨ કલમ હતી. સંશોધક દ્વારા ધોરણ ૮ના ત્રણ શાળાના વિદ્યાર્થીઓને પ્રશ્નાવલિ આપવામાં આવેલ વિદ્યાર્થીઓએ તેનો જવાબ લખીને આપવાનો હતો. પ્રાપ્ત માહિતીના આધારે જવાબોની ચકાસણી કરવામાં આવતાં સાચા પ્રત્યુતર આપનાર વિધાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| ક્રમ | પ્રશ્ન | સાચા પ્રત્યુત્તર આપનાર વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભારતના કયા વૈજ્ઞાનિકને મિસાઇલ મેનનું બિરુદ મળ્યું હતું ? | ૪૨ |
| ૨ | ગુજરાતના અત્યારના શિક્ષણ મંત્રી કોણ છે ? | ૮૨ |
| ૩ | રાણકી વાવ કોણે બંધાવી હતી ? | ૩૪ |
| ૪ | ભારતના અત્યારના વડા પ્રધાન કોણ છે ? | ૯૦ |
| ૫ | એક એસિડનું નામ આપો ? | ૪૮ |
| ૬ | ૫૭૫ નું વર્ગમૂળ જણાવો. | ૫૮ |
| ૭ | ૭૨૯ નું ઘનમૂળ જણાવો. | ૫૦ |
| ૮ | આલ્પ્સ પર્વત ક્યાં આવેલો છે ? | ૩૮ |
| ૯ | દુનિયાની સૌથી લાંબી નદીનું નામ આપો. | ૩૫ |

| | | |
|---|---|---|
| ૧૦ | ભારતના અત્યારના ગૃહપ્રધાન કોણ છે ? | ૬૬ |
| ૧૧ | ‘છાસ’ માટે અંગ્રેજી શબ્દ સ્પેલિંગ સાથે લખો. | ૪૦ |
| ૧૨ | એન્ટાર્કટિકા ખંડનું પ્રસિદ્ધ પક્ષીનું નામ નામ જણાવો. | ૨૯ |

## ૫. તારણો

૧. ૪૨ વિદ્યાર્થીઓ ભારતના વૈજ્ઞાનિક મિસાઇલ મેનનું સાચું નામ આપી શકેલા. પ્રાર્થના સભામાં અને અધ્યાપન દરમિયાન સંબંધિત મુદ્દાને સાંકળી લેવામાં આવે તો વિદ્યાર્થીઓ આ બાબતથી જ્ઞાત બની શકે.
૨. ૮૨ વિદ્યાર્થીઓ ગુજરાતના અત્યારના શિક્ષણ મંત્રીનું સાચું નામ જણાવી શક્યા હતા. વિદ્યાર્થીઓને નિયમિત સમાચાર પત્ર વાંચતા કરવા જોઇએ. અને પ્રાર્થના સભામાં સમાચાર વાંચન નિયમિત કરાવવું જોઇએ.
૩. ૩૨ વિદ્યાર્થીઓ રાણકી વાવ કોણ બંધાવી તેનો સાચો જવાબ આપી શક્યા હતા. ઐતિહાસિક સ્થળોનો પ્રવાસ કરાવી તેના વિશે શિક્ષકે માહિતી પુરી પાડવી જોઇએ.
૪. ૯૦ વિદ્યાર્થીઓ ભારતના અત્યારના વડાપ્રધાનનું નામ જણાવી શક્યા હતા. આ બહુ સારી વાત છે વિદ્યાર્થીઓને ટી.વી. ના સમાચાર જોવાની ટેવ પાડવી જોઇએ.
૫. ૪૮ વિદ્યાર્થીઓ એક એસિડનું સાચું નામ દર્શાવી શક્યા હતા. કેટલાક જવાબમાં એસિડની જગ્યાએ બેઇઝ દર્શાવેલ હતા. શાળામાં નિદર્શન કરી એસિડ, બેઇઝ અને ક્ષારની સમજ આપવામાં આવેતો ત્રણે વિશે સારી રીતે જાણી શકે. એસિડ, બેઇઝ અને ક્ષારના ભેગા નામ જણાવી ત્રણેને જુદાં જુદા કરવા કહેવું જોઇએ.
૬. ૫૮ વિદ્યાર્થીઓ વર્ગમૂળનો સાચો જવાબ આપી શક્યા. વર્ગમૂળ શોધવાની સરલ પધ્ધતિઓ શીખવવી અને તેનો મહાવરો કરાવવો.
૭. ૫૦ વિદ્યાર્થીઓ ઘનમૂળનો સાચો જવાબ આપી શક્યા. આ માટે શિક્ષકે ઘનમૂળ માટે વૈદિક ગણિતનો સહારો લઇ શીખવવું જોઇએ. આ ઉપરાંત વર્ગમાં ગણિતની ક્વીઝ અવારનવાર ગોઠવવી.
૮. ૩૮ વિદ્યાર્થીઓ આલ્પ્સ પર્વતનું સાચું સ્થળ બતાવી શક્યા. આ માટે શિક્ષકે ભૂગોળ શિક્ષણને અસરકારક બનાવવું જોઇએ. તેમજ દુનિયાના નકશામાં વિશ્વની મોટી નદીઓ અને પર્વતોના સ્થાન બતાવી તેનો મહાવરો કરાવતા રહેવું જોઇએ તેમજ રેખાંકિત નકશામાં આવા સ્થળો ઘેરથી પુરવા આપવા જોઇએ.
૯. ૩૫ વિદ્યાર્થીઓ દુનિયાથી લાંબી નદીનો જવાબ આપી શક્યા હતા. આ માટે દુનિયાની લાંબી અને મોટી નદીઓનો વારંવાર મહાવરો કરાવતા રહેવું.
૧૦. ૬૬ વિદ્યાર્થીઓ ભારતના વર્તમાન ગૃહપ્રધાનનું સાચું નામ આપી શક્યા હતા. આ માટે શિક્ષકે ભારતનું પ્રધાન મંડળ અને ગુજરાતના પ્રધાન મંડળના નામો જણાવવા જોઇએ. અને વર્તમાન પત્રનું નિયમિત વાંચન કરવાનું કહેવું જોઇએ.
૧૧. ૪૦ વિદ્યાર્થીઓ ‘છાસ’ નું અંગ્રેજી નામ આપી શક્યા. પરંતુ એમાંથી કેટલાય વિદ્યાર્થીઓના સ્પેલીંગો ખોટા હતા. આ માટે સ્પેલીંગો અવાર નવાર લખાવતા રહેવું જોઇએ. અને ખોટા સ્પેલીંગો પાંચવખત લખવા આપવા જોઇએ.
૧૨. ૨૯ વિદ્યાર્થીઓ એન્ટાર્કટિકાના પ્રસિદ્ધ પક્ષીનું નામ જણાવી શક્યા હતા. આ માટે વિવિધ ખંડના વિશિષ્ટ પ્રાણીઓ અને પક્ષીઓનો ચાર્ટ બનાવી વર્ગ ખંડમાં લટકાવી રાખવા જોઇએ.

## ૬. શૈક્ષણિક ફલિતાર્થ

શાળામાં પ્રાર્થના સભામાં વારાફરતી દરરોજ ક્રમાનુસાર દરેક વિદ્યાર્થીએ જનરલ નોલેજના પાંચ પ્રશ્નો પૂછવા અને સાચા જવાબ સ્વીકારવા. કોઇ પ્રશ્નનો સાચો જવાબ ન આવે તો પૂછનારે તેનો સાચો જવાબ આપવો દરેક વિષયની ક્વીઝ સ્પર્ધા ગોઠવવી. જનરલ નોલેજની ક્વીઝ સ્પર્ધા સમયાંતરે ગોઠવવી. જેથી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય. જે આગળ ઉપર તેમને ઉપયોગી બનશે.

**સંદર્ભસૂચિ**

૧. 'જનરલ નોલેજ' નવનીત પ્રકાશન,

૨. 'સંશોધનનું પરિશીલન' - ડ. મોહિની આચાર્ય, અક્ષર પ્રકાશન